सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૧૦–૦૭–૨૦૨૫ |
| રજી.લીધા તારીખ : | ૧૦–૦૭–૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ: | ૨૧–૦૪–૨૦૨૬ |

---

ભિલોડાના મહે. એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા,

---

<u>ક્રિ.કેસ નંબર–૧૦૦૫/૨૦૨૫</u>
<u>આંક :– ૨૦</u>

ફરીયાદી:– શ્રીસરકાર
(શામળાજી પો.સ્ટે.પાર્ટ–સી ગુ.રજી.નં.૬૦૩/૨૪)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– પ્રકાશસિંહ સ/ઓ તખતસિંહ લાલસિંહ ઝાલા,ઉ.વ.૨૪,
રહે.ધાધવાસણા,તા.તલોદ,જિ.સાબરકાંઠા.

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી,

આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એસ.એ.પટેલ

---

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે,આરોપીએ ગઈ તા.૧૪/૧૨/૨૪ ના કલાક ૧૮:૦૦ થી કલાક ૧૯:૪૫ વાગે મોજે કડવઠ

ગામની સીમમાં આ કામના કોલમ નં. ૨ મા જણાવેલ મારૂતી કંપનીની ઈકો ગાડી નં. જીજે.૧૮.બીએન.૧૭૬૮ ના ચાલક આ. નં.૩ નાઓએ પોતે વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામા પોતાના કબ્જાની ઈકો ગાડી નંબર–જીજે.૧૮.બીએન.૧૭૬૮ ની મા ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂની બોટલો નંગ– ૨૬૪ તથા છુટી બોટલ નંગ–૫૭ મળી કુલ બોટલ/કવાટર/ટીન નંગ–૩૨૧ જેની કિ.રૂા. ૫૮,૧૮૮/– તથા ઈકો ગાડી નંબર–જીજે.૧૮.બીએન.૧૭૬૮ ની કિ.રૂ. ૩,૦૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૩,૫૮,૧૮૮/– નો લઈ આવી ગાડીનો ચાલક પાછળથી મળી આવી તેમજ કોલમ નં.૧ માં જણાવેલ આરોપી નં. ૧ નાઓ પાછળથી મળી આવી તેમજ કોલમ નં. ૨ મા જણાવેલ આ.નં. ૨ નાઓ નહી મળી આવી એકબીજાની મદદગારી કરી,ગુન્હો પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબનો આચરેલ.મજકુર બનાવની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ.પ્રો. કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદપક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>

આંક.૦૯ થી ફરીયાદી એ.એસ.આઈ. દિનેશભાઈ બદાજીની જુબાની

આંક ૧૦ થી ફરીયાદ

આંક.૧૧ થી પંચ સાહેદ ભાંભી સંજયભાઈ મગનભાઈની જુબાની

આંક.૧૨ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

આંક.૧૬ થી ત.ક.પો.સ.ઈ. નાનજીભાઈ સરદારભાઈની જુબાની

આંક.૧૭ થી સુચિપત્ર

આંક.૧૮ થી પંચસાહેદ બાબુભાઈ નાનજીભાઈ ખોખરીયાની જુબાની

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા,આરોપીનું ક્રિ.પ્રો.કોની કલમ ૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ ગઈ તા.૧૪/૧૨/૨૪ ના કલાક ૧૮:૦૦ થી કલાક ૧૯:૪૫ વાગે મોજે કડવઠ ગામની સીમમાં આ કામના કોલમ નં. ૨ મા જણાવેલ મારૂતી કંપનીની ઈકો ગાડી નં. જીજે.૧૮.બીએન.૧ ૭૬૮ ના ચાલક આ. નં.૩ નાઓએ પોતે વગર પાસ પરમીટે પ્રોહી પ્રતિબંધક એરીયામા પોતાના કબ્જાની ઈકો ગાડી નંબર –જીજે.૧૮.બીએન.૧૭૬૮ ની મા ભારતીય બનાવટની અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈગ્લીશ દારૂની બોટલો નંગ–૨૬૪ તથા છુટી બોટલ નંગ–૫૭ મળી કુલ બોટલ/કવાટર/ટીન નંગ–૩૨૧ જેની કિ.રૂા.૫૮,૧૮૮/– તથા ઈકો ગાડી નંબર–જીજે.૧૮.બીએન.૧૭૬૮ ની કિ. રૂ. ૩,૦૦,૦૦૦/– મળી કુલ કિ.રૂા.૩,૫૮,૧૮૮/– નો લઈ આવી ગાડીનો ચાલક પાછળથી મળી આવી તેમજ કોલમ નં.૧

માં જણાવેલ આરોપી નં. ૧ નાઓ પાછળથી મળી આવી તેમજ કોલમ નં.ર મા જણાવેલ આ.નં.ર નાઓ નહી મળી આવી એકબીજાની મદદગારી કરી,ગુન્હો પ્રોહી એકટ કલમ-૬૫ (એ)(ઈ),૮૧ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

(૧) મુદ્દા નંબર-૧: નકારમાં,
(૨) મુદ્દા નંબર -૨: આખરી હુકમ મુજબ.

// નિ ર્ણ ય અંગેના કારણો //

(૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક.૧૧ થી પંચસાહેદ ભાંભી સંજયભાઈ મગનભાઈ તથા આંક.૧૮ થી પંચસાહેદ બાબુભાઈ નાનજીભાઈ ખોખરીયાનાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદોએ તેમની જુબાની દરમિયાન આંક-૧૨ નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આ પંચસાહેદોને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ પંચસાહેદોએ પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા આ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચસાહદોએ જણાવેલ છે કે,પોલીસે તેમની એક તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી.

(૭) વધુમાં,ફરીયાદ પક્ષે આંક-૦૯ થી ફરીયાદી એ.એસ.આઇ દિનેશભાઈ બદાજીનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની

જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૧૪/૧૨/૨૦૨૪ ના રોજ અમો શામળાજી પો.સ્ટે.ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા પો.ઈ. એસ.ડી.પટેલ તથા બીજા પો.સ્ટે.ના માણસો સાથે દહેગામડા ઓ.પી. વિસ્તારમાં પટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા કડવઠ ગામની સીમમાં કડવઠ ચેક પોસ્ટ ઉપર શંકાસ્પદ વાહનની ચેકીંગની કામગીરી કરતા હતા તે વખતે દમુડી ગામ તરફથી એક ફોર વ્હીલ ગાડી આવતી હોય, જે ગાડીને ઉભી રખાવવા બેરીકટને રોડ વચ્ચે કરતા સદરી ગાડીનો ચાલક ગાડી ચેક પોસ્ટ જોઈ રીવર્સ કરી પાછો વળવા જતા સીંગલ પટ્ટી રોડ હોઈ ગાડી વળે તેમ ન હોય જેથી અમો દોડીને સદરી ગાડી પાસે જતા સદરી ગાડીનો ચાલક ગાડીમાંથી નીચે ઉતરી ગાડી મુકીને ભાગવા લાગેલ અને તેને ઉભો રહેવા બુમો પાડવા છતા ઉભો રહેલ નહી અને પીછો કરતા પકડાયેલ નહી અને અમોએ સદરી ફોર વ્હીલ ગાડી નજીક જઈ તપાસ કરતા જે મારૂતી કંપનીની ઈકો ગાડી નંબર–જી.જે.૧૮.બી.એન.૧૭૬૮ નો હતો તથા સદરી ગાડીમાં તપાસ કરતા વિદેશી દારૂ ભરેલ પેટીઓ જણાતા,જેથી નજીકમાંથી બે પંચના માણસો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી પંચોને ઈકો ગાડીમાં ભરેલ વિદેશી દારૂનો જથથો બતાવી સરદ જગ્યા જાહરે રોડ હોય ગણતરી કરવી હિતાવહ ન હોય,જેથી સદરી ગાડમીાં પંચ નંબર–૧ નાઓએ બેસાડી તથા ગાડી અમોએ ચલાવી લઈ સદર ઈકો ગાડી સરકારી ગાડીના જાપ્તા સાથે પો.સ્ટે.ના કંપાઉન્ડમાં લઈ આવેલ અને પંચો રૂબરૂ સદરી ઈકો ગાડીની વચ્ચેની શીટમાંથી વિદેશી દારૂની પેટીઓ ભરેલ હોય,જેથી ઉતારી તપાસી ગણી જોતા પેટીઓ નંગ–૯ તથા છુટી બોટલો નંગ–૫૭ મળી,બોટલ/કવાટીરયા/ટીન–૩૨૧, કિ.રૂા.૫૮,૧૮૮/– તથા ઈકો ગાડીની કિં. રૂા.૩,૦૦,૦૦૦/– ગણી સાથેના પો.ઈ.શ્રી એસ.ડી.પટેલનાઓએ ગાડી તથા મુદ્દામાલ દારૂની વિગતવારનુ પંચનામુ કરી મુદ્દામાલ કબજે લીધેલ તથા એક બોટલ સેમ્પલ રાખી મે આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ આપેલી.જે ફરીયાદની ખરી નકલ મને બતાવવામાં આવે છે,તેમાં મારી સહી છે,જે રજુ દાખલ આંક–૧૦ થી રજુ છે.''

(૮) વધુમાં,ફરીયાદપક્ષે આંક–૧૬ થી ત.ક.અ. પો.સ.ઈ.

નાનજીભાઈ સરદારભાઈનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,'' તા.૧૪/૧૨/૨૪ ના રોજ અમો શામળાજી પો.સ્ટે. હાજર હતા તે વખતે પો.ઈ. એસ.ડી.પટેલનાઓના હુકમથી પી.એસ.ઓ. એ.એસ.આઈ. ભાવનાબેન જયંતીભાઈ,બ.નં.૪૩૫ નાઓએ શામળાજી પોલીસ સ્ટેશન પાર્ટ–સી ગુ.ર.નં.૦૬૦૩/૨૦૨૪,પ્રોહી એકટ કલમ–૬૫(એ)(ઈ) મુજબના ગુનાની તપાસ સુચિપત્રમાં મારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોંપેલ જે સુચિપત્ર રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે જે ગુનાના કામે હકીકત એવી છે કે,તા.૧૪/૧૨/૨૪ ના કલાક ૧૮:૦૦ થી ૧૯:૪૫ દરમ્યાન પોલીસ ઈન્સપેટકર એસ.ડી. પટેલ તથા સ્ટાફના માણસોએ મોજે કડવઠ ગામની સીમમાં વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન એક મારૂતી કંપનીની ઈકો ગાડી નં.જી.જે.૧૮.બી.એન.૧૭૬૮ ની આવેલી અને કડવઠ ચેકપોસ્ટ ઉપર બેરીકેટીંગ કરી રોકવા પ્રયત્ન કરતા સદર ગાડીના ચાલક પોલીસને જોઈ જતા પોતાની ઈકો ગાડી રીવર્સમાં પાછી વાળવા લેતા સીંગલપટ્ટી રોડ હોઈ ગાડી પાછીવાળી શકેલ નહી જેથી સદર ગાડીમાંથી ચાલક ગાડી નીચે ઉતરી દોડી ભાગવા લાગેલ જેને ઉભો રહેવા બુમો પાડવા છતા ઉભો રહેલ નહી ઝાંખરાઓનુ ઓથુ લઈ ડુંગર તરફ ભાગી ગયેલ જેથી સદર ઈકો ગાડી નં.જી.જે.૧૮.બી.એન. ૧૭૬૮ નીમાં તપાસ કરતા વિદેશી દારૂઓની પેટીઓ ભરેલ જણાતા બે પંચના માણસો બોલાવી ગાડીની અંદર તપાસ કરતા વિદેશી દારૂ હોઈ સદર જગ્યાએ ગણવો હિતાવહ ન હોઈ એક પંચના માણસને સદર ગાડીમાં બેસાડી ઈકો ગાડી ચલાવી લઈ શામળાજી પોલીસ સ્ટેશન કંપાઉન્ડ ખાતે લાવી ગણી જોતા સદર ગાડીમાં વિદેશી દારૂની પેટી નંગ–૯ બીયર તથા બોટલ મળી કુલ નંગ–૩૨૧ ,કિ.રૂા.૫૮,૧૧૮/– નો મુદ્દામાલ મળી આવેલ તથા સદર ગાડીની કિ.રૂા.૩,૦૦,૦૦૦/– મળી કુલ રૂા.૩,૫૮,૧૧૮/– નો મુદ્દામાલ કબજે

લેવામાં આવેલનુ ફરીયાદ તથા પંચનામું જોઈ કાગળો સંભાળી લીધા સદર ગુનાની તપાસના કામે સાથેના પોલીસ કર્મચારીઓના નીવેદનો અમારી રૂબરૂના લેવામાં આવેલ અને સદર મળી આવેલ મુદ્દામાલના સેમ્પલો એફ.એસ.એલ. તપાસણી માટે મોકલી આપવા તજવીજ કરેલ અને સદર વાહનના માલીક બાબતે ઓનલાઈન ગાડીના માલીકની તપાસ કરતા જયપાલસિંહ કનુસિંહ ઝાલા,રહે.દલાલી મુવાડી,તા.પ્રાંતીજ,જી.સાબરકાંઠાનો હોવાનુ જણાયેલ.જેથી ગુનાના કામે ગાડીના માલીકને અટક કરી કાર્યવાહી કરેલ.ત્યારબાદ આ ગુનામાં તેની સાથે આ કામના આરોપી વિજયસિંહ તખતસિંહ ઝાલા,રહે.જુનાધાધવાસણા,તા.તલોદ,જી.સારબકાંઠાવાળાનાઓ સાથે હોઈ સદર આરોપીને એલ.સી.બી. અરવલ્લી ધ્વારા તા.૧૫/૪/૨૫ ના કલાક ૨૦:૦૦ વાગ્યે પકડતા સદર આરોપીએ આ ગુનાની કબુલાત કરતા એલ.સી.બી.અરવલ્લી ધ્વારા પકડી શામળાજી પો.સ્ટે. રજુ કરતા સદર આરોપીને અમોએ તા.૧૫/૪/૨૫ ના કલાક ૨૨:૫૦ વાગે તેના સબંધીને જાણ કરી અટક કરવામાં આવેલ અને મુદત અંદર નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડની કાર્યવાહી કરવામાં આવેલ અને આરોપીના રીમાન્ડ મળતા જરૂરી તપાસ કરી સદર આરોપી પાછળથી પકડાયેલ હોઈ આરોપી વિરૂધ્ધમાં ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોઈ અલાયદુ પુરવણી ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે.આરોપીને જોયેથી હું ઓળખી શકુ.આજરોજ નામદાર કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી શકુ. ''

(૯) ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચસાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક-૧૨ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી

ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.આમ,ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદ્દામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૧૨ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી.જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમાં આંક–૧૨ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૨) વધુમાં, નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is

necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૩) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં. આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી

વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૪) આમ,સદર કેસમાં ફરીયાદપક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ,ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::–

(૧) આરોપી પ્રકાશસિંહ સ/ઓ તખતસિંહ લાલસિંહ ઝાલા, ઉ.વ.૨૪, રહે.ધાધવાસણા, તા.તલોદ, જિ.સાબરકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ ધી. ગુજરાત પ્રોહી.એકટ કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૧મી ,માહે એપ્રિલ,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી,સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૨૧/૦૪/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084